# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-10-2023** **Evening: 7.50 to 8.00**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

---

- ભારતીય હવાઈ દળે આજે તેનો 91મો સ્થાપના દિવસ ઉજ વ્યો – રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ હવાઈ યોધ્ધા અને તેમના પરિવારજોને શુભેચ્છાઓ પાઠવી
- ઇઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલી યુદ્ધની સ્થિતિ યથાવત - ઈઝરાયેલના પ્રધાનમંત્રીએ ગાઝામાં રહેતા લોકોને સ્થળાંતર કરવા જણાવ્યુ
- સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આવતીકાલથી 12 ઓક્ટોબર સુધી ઈટાલી અને ફ્રાન્સની મુલાકાતે જશે.
- કેન્દ્રિય તપાસ પંચ CBI એ નાગરિક સંસ્થામાં કથિત ભરતી કૌભાંડ મામલે પશ્ચિમ બંગાળના મંત્રી ફિરહાદ હકીમના નિવાસસ્થાને દરોડા પાડ્યા.
- ચીનના હાંગઝોઉ ખાતે એશિયન રમતોત્સવનું આજે સમાપન - 107 ચંદ્રકો જીતવા બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતીય ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા
- વિશ્વકપ ક્રિકેટમાં ઓસ્ટ્રેલિયાએ ભારતને જીતવા માટે 200 રનનો લક્ષ્યાંક આપ્યો

..............................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# AIRFORCE DAY-GREETINGS

ભારતીય હવાઈ દળ આજે તેનો 91મો સ્થાપના દિવસ ઉજવાયો. સમગ્ર દેશમાં આજે ભવ્ય પરેડ અને વિવિધ ઉજવણીઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં બમરૌલી હવાઈ દળ કેન્દ્ર ખાતે એરફોર્સે તેનું નવું પ્રતિક ચિહ્ન બહાર પા ડ્યું. બમરૌલીમાં ઔપચારિક પરેડમાં સ્કાય પેરા જમ્પર્સ તેમના કરતબોનું નિદર્શન કર્યું. 2500 દર્શકો અને 400 શાળાના બાળકોએ આ રોચક પરેડ નિહાળી.

આકાશવાણીના સંવાદદાતાના જણાવ્યા અનુસાર સંગમ પાસેના આકાશમાં 100 કરતાં વધુ ફાઇટર વિમાનો, SU-30 જેટ, રફાલ લાઇટ, C-130J Super Hercules અને હેલિકોપ્ટર દ્વારા ભારતીય વાયુદળે અદભૂત નિદર્શન કર્યું. બે વિન્ટેજ એરક્રાફ્ટ ટાઇગર મોન્થ અને હાવર્ડનો પણ પ્રદર્શનમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. આ બે એરક્રાફ્ટની વિશ્વ યુધ્ધ-2 માં પણ ભૂમિકા રહી છે.

પ્રધાનમંત્રી શ્રી મોદીએ જણાવ્યું છે કે , ભારતને ભારતીય વાયુસેનાની બહાદુરી, પ્રતિબદ્ધતા અને સમર્પણ પર ગર્વ છે. તેમની મહાન સેવા અને બલિદાન એ વિશ્વાસ અપાવે છે કે આપણું આકાશ સુરક્ષિત છે.

# ISRAEL-HAMAS-UPDATE-

ઇઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલી યુદ્ધની સ્થિતિ વચ્ચે , લેબનોનના હિઝબુલ્લા જૂથે આજે ઇઝરાયેલમાં ત્રણ સ્થળો પર રોકેટ છોડ્યા છે. આ સાથે ઇઝરાયેલના નિયંત્રણ હેઠળના ગોલાન હાઇટ્સ પર પણ રોકેટ છોડવામાં આવ્યા હતા. પેલેસ્ટાઈનના સમર્થનમાં આહુમલા કર્યા હોવાનું હિઝબુલ્લાહ જૂથે કહ્યું હતું. જવાબમાં ઇઝરાયેલે પણ લેબનીઝ સ્થળો પર હુમલો કર્યો હતો અને હિઝબુલ્લાહને સંઘર્ષથી દૂર રહેવા ચેતવણી આપી હતી. દરમિયાન ઈઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહુએ ગાઝામાં રહેતા લોકોને સ્થળાંતર કરવા જણાવ્યુ હતું.

ઇઝરાયેલ પર આંતકવાદી જુથ હમાસે કરેલા હુમલામાં 3 00થી વધુ લોકોના મોત નીપજ્યા જ્યારે એક હજાર, 500 થી વધુ લોકો ઇજાગ્રસ્ત થયા છે. તેની સામે ઇઝરાયેલી સૈન્યએ શરૂ કરેલા ઓપરેશન સ્વોર્ડ ઓફ આયર્નમાં ગાઝા પટ્ટીમાં હમાસના 17 સ્થળો અને ચાર ઓપરેશનલ કમાન્ડ સેન્ટરને નિશાન બનાવ્યા છે, જેમાં 230 થી વધુ લોકો માર્યા ગયા છે. ઈઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહુએ આ હુમલાની સખત નિંદા કરીને યુદ્ધની જાહેરાત કરી છે. અહેવાલો અનુસાર ઇઝરાયેલમાં શાર હાનેગેવ પ્રાદેશિક પરિષદના વડા , ઓફિર લિબસ્ટીન પણ હમાસના હુમલામાં માર્યા ગયા છે અને ગાઝામાં ઘણા ઈઝરાયેલી નાગરિકોને બંધક બનાવવામાં આવ્યા છે.

દરમિયાન વિશ્વના અગ્રણી નેતાઓએ હમાસના આતંકવાદીઓ દ્વારા ઈઝરાયેલ કરાયેલા આ  હુમલાની નિંદા કરી છે.

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ સંકટની આ ઘડીમાં ભારતની સંવેદના ઈઝરાયેલના નિર્દોષ પીડિતો અને તેમના પરિવારો સાથે હોવાનું જણાવ્યું. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ જો. બાઈડેને આતંકવાદને કોઈપણ સંજોગોમાં ન્યાયી ઠેરવી શકાય નહીં તેમ જણાવતા અમેરિકા ઈઝરાયેલની સરકાર અને લોકો સાથે છે. તેમ કહ્યું હતું. બ્રિટનના પ્રધાનમંત્રી ઋષિ સુનાકે હમાસના હુમલા અંગે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું.

દરમિયાન હમાસના હુમલા બાદ પેલેસ્ટાઈનમાં ભારતના પ્રતિનિધિ કાર્યાલયે રામલ્લાહમાં રહેતા ભારતીય નાગરિકોને કટોકટીની આ સ્થિતિમાં તેમના કાર્યાલયનો સંપર્ક કરવા જણાવ્યું છે. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ આજે ઇઝરાયેલ પર હમાસના હુમલા અંગે મધ્ય પૂર્વની સ્થિતિ અંગે બેઠક યોજશે.

# RAJNATH VISIT

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આવતીકાલથી 12 ઓક્ટોબર સુધી ઈટાલી અને ફ્રાન્સની મુલાકાતે જશે. રોમમાં ઇટાલીના સંરક્ષણ મંત્રી ગુડો ક્રાઇસ્ટોને મળવાના છે. ઉલ્લેખનીય છે કે ઇટાલીના પ્રધાનમંત્રીની ભારત મુલાકાત દરમિયાન આ વર્ષે માર્ચમાં ભારત અને ઇટાલી વચ્ચેના સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારીમાં પરિવર્તિત કરવામાં આવ્યા હતા.

પ્રવાસના બીજા તબક્કામાં , શ્રી સિંહ પેરિસમાં તેમના સમકક્ષ , ફ્રાન્સના સશસ્ત્ર દળના મંત્રી સેબેસ્ટિયન લેકોર્નુ સાથે 5મો વાર્ષિક સંરક્ષણ સંવાદ યોજશે. ભારત અને ફ્રાન્સે તાજેતરમાં વ્યૂહાત્મક ભાગીદારીના 25 વર્ષની ઉજવણી કરી હતી. રોમ અને પેરિસ બંને દેશોમાં સંરક્ષણ મંત્રી સંરક્ષણ ઉદ્યોગના મુખ્ય કાર્યકારી અધિકારીઓ અને વરિષ્ઠ પ્રતિનિધિઓ સાથે ઔદ્યોગિક સહયોગ માટેની સંભવિત તકોની ચર્ચા પણ કરશે.

# CBI--BENGAL-MINISTER

કેન્દ્રિય તપાસ પંચ CBI એ નાગરિક સંસ્થામાં કથિત ભરતી કૌભાંડ મામલે પશ્ચિમ બંગાળના મંત્રી ફિરહાદ હકીમના નિવાસસ્થાને દરોડા પાડ્યા છે.

આ ઉપરાંત સીબીઆઈના સૂત્રો અનુસાર અધિકારીઓએ આજે કલકતા, કંચરાપાડા, બૈરકપુર, હલીસહર, દમદમ, ઉત્તરી દમદમ, કૃષ્ણાનગર, તાકી, ચેતલા અને ભવાનીપુરમાં સરકારી અધિકારીઓ અને અન્ય આવાસો પર દરોડા પાડી તપાસ હાથ ધરી હતી. ભવાનીપુર વિસ્તારના કમરહાટીના સાંસદ અને પૂર્વમંત્રી મદન મિત્રાના આવાસ પર પણ તપાસ કરવામાં આવી છે.

સીબીઆઈના અધિકારીએ જણાવ્યા મુજબ અદાલતના આદેશ અનુસાર ગ્રુપ સી અને ગ્રુપ ડીની જગ્યાઓ પર ગેરકાયદેસર મ્યુનિસિપલ ભરતી અંગે દરોડા પાડીને તપાસ કરવામાં આવી રહી છે. કલકત્તા વડીઅદાલતે સીબીઆઈને સમગ્ર પશ્ચિમ બંગાળમાં કથિત ભ્રષ્ટાચારની તપાસ અદાલતની દેખરેખ હેઠળ હાથ ધરવા આદેશ આપ્યો હતો. અગાઉ , EDના અધિકારીઓએ કથિત ભ્રષ્ટાચારના સંબંધમાં પશ્ચિમ બંગાળના ખાદ્ય અને પુરવઠા મંત્રી રથિન ઘોષના નિવાસસ્થાને દરોડા પાડ્યા હતા.

# REV. ASIAN GAMES

ચીનના  હાંગઝોઉ ખાતે એશિયન રમતોત્સવનું સમાપન સમારોહ ચાલી રહ્યો છે. હોકી ટીમના ગોલકીપર પી. આર શ્રીજેશે રાષ્ટ્ર ધ્વજ સાથે મેદાનમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતાં પ્રવેશ કર્યો. ભારતે 28 સુવર્ણ, 38 રજત અને 41 કાંસ્ય સહિત કુલ 107 પદક જીતી ચોથા સ્થાને રહ્યું.

45 દેશોના 12 હજાર ઉપરાંત ખેલાડીઓએ 40 જેટલી રમતોનું કોવિડ બાદ આયોજિત થયેલ એશિયન ગેમ્સમાં પ્રદર્શન કર્યું. આ અગાઉ 2018માં જકાર્તા ઇન્ડોનેશિયા ખાતે યોજાયેલ એશિયન ગેમ્સમાં ભારતે 70 મેડલ પ્રાપ્ત કર્યા હતા. સૌપ્રથમવાર ભારતે 101 ચંદ્રકનો સીમાચિહ્ન રૂપ આંકડો પ્રાપ્ત કર્યો છે.

# PM-ASIAN GAME

ચીનના હોંગઝાઉમાં રમાયેલા એશિયન રમતોત્સવમાં અત્યાર સુધીના સૌથી વધુ 107 ચંદ્રકો જીતવા બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતીય ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે , ભારત માટે આ એક ઐતિહાસિક સિદ્ધિ છે અને સમગ્રદેશ રમતવીરોની આ સિદ્ધીથી ખુશીની લાગણી અનુભવે છે.

# ADD SIKKIM

સિક્કિમમાં ગત 4 ઓક્ટોબરે તિસ્તા નદીમાં આવેલા પૂરમાં સેનાના નવ જવાન સહિત 3 3 લોકોના મોત થયા છે અને 105 લોકો લાપતા થયા છે. સિક્કિમ રાજ્ય આપત્તિ નિવારણ સત્તા મંડળના જણાવ્યા અનુસાર અત્યાર સુધીમાં 2 હજાર 563 લોકો બચાવી લેવામાં આવ્યા છે જ્યારે 28 લોકો ઘાયલ થયા છે. ઝોંગુને જોડતાં બે પુલ નષ્ટ થતાં અત્યારે તે સંપર્ક વિહોણુ થયું છે. ત્યાં સંપર્ક માટે હાલ કામચલાઉ વાંસનો એક પુલ તૈયાર કરવામાં આવ્યો છે.

આ સાથે લગભગ સાત હજાર પચીસ લોકોને 30 રાહત શિબિરોમાં લઇ જવાયા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આપત્તિની આ પરિસ્થિતિને સતત નોંધી રહ્યા છે. કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી અજય કુમાર મિશ્રાએ આજે મુખ્યમંત્રી પ્રેમ સિંહ તમાંગના નિવાસસ્થાને મુલાકાત કરીને બચાવ કામગીરી તેમજ નુકસાન થયેલ સંપત્તિનાં પુનઃસ્થાપન માટે જરૂરી પગલાં લેવા અંગે ચર્ચા કરી હતી.

# REV. EVE. CRICKET-WORLD CUP

ICC એક દિવસીય વિશ્વકપ ક્રિકેટમાં , આજે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે મેચ ચાલી રહી છે. ચેન્નઈમાં રમાઈ રહેલી આજની મેચમાં ઓસ્ટ્રેલિયાએ જીતીને પહેલાં બેટિંગ પસંદ કરી હતી. ઓસ્ટ્રેલિયાએ 50 ઓવરમાં 199 રન માં ઓલઆઉટ થતાં ભારતને 200 નો લક્ષ્યાંક આપ્યો છે. ઓસ્ટ્રેલિયા તરફથી ડેવિડ વોનરે 41 અને સ્ટિવ સ્મિથે 46 રન નોંધાવ્યા હતા. ભારત તરફથી રવિન્દ્ર જાડેજાએ 3 , જસપ્રિત બુમરાહ અને કુલદીપ યાદવે 2-2વિકેટ ઝડપી હતી. છેલ્લાં અહેવાલ મુજબ ભારત 3 વિકેટે 49 રન કર્યા છે.

# TN-CRACKER-EXPLOSION.rtf

તમિલનાડુના સ્વાસ્થ્ય મંત્રી શ્રી એમ. સુબ્રહ્મણ્યમે આજે બેંગલોરમાં હોસુર પાસેના સીમાવર્તી ગામે ફટાકટા વિસ્ફોટમાં મૃત્યુ પામેલ 14 લોકોના પરિવારજનોની આજે મુલાકાત લીધી. મૃત્યુ પામેલા પરિવારજનોને મળ્યા બાદ તેમણે મીડિયાને જણાવ્યું કે આ અક્સમાત બાબતે તપાસ ચાલી રહી છે અને મૃત્યુ પામેલના પાર્થિવ શરીરને તેમના મૂળ મુકામે પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

ફટાકડાના પેકિંગ માટે આ મજુરોને ધર્માપુરી અને કૃષ્ણાગીરી જિલ્લાથી બોલાવવામાં આવ્યા હતા. તેમણે જણાવ્યું કે, મૃતકોના નજીકના સંબંધીઓને ત્રણ લાખ, ગંભીર રીતે ઘાયલ થનાર એક લાખ, અને સામાન્ય ઇજા થનારને 50 હજાર રૂપિયાની મદદ અપાશે. શ્રી સુબ્રહ્મણ્યમે જણાવ્યું કે, ગંભીર ઇજા પામેલા મજુરોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.